## || ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ કનકામ્બરધારિણે નમઃ || (૬૧)

## સુવર્ણ (ભગવા,કેસરી) રંગના વસ્ત્ર ધારણ કરવાવાળા

## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન શ્રી સત્યસાઈ ભગવા (કેસરી) રંગની કફની અને પીતાંબર ધારણ કરે છે. સાધુ-સંન્યાસી પણ ભગવા રંગના વસ્ત્ર ધારણ કરે છે, પરંતુ આ બન્નેમાં ફરક છે.

સ્વામી નાના હતા, ત્યારે તેમના દાદાજી શ્રી. કોંડમરાજુ જ્યારે જ્યારે તાલુકાના સ્થળે જતા, ત્યારે ત્યાંથી આવતી વખતે ઘરના બાળકો માટે વિવિધ રંગના કાપડના તાકા લાવતા. તે જોતાં જ બધા બાળકો પોતાને ગમતાં રંગનું કાપડ લેવા માટે ઉતાવળ કરતાં. પરંતુ, બાળ સત્યનારાયણ માત્ર છેલ્લે વધેલું કાપડ પોતાના માટે લેતો. તેમના અન્ય ભાઈ-બહેનોને થયેલો આનંદ જ તેમના માટે ખૂબ મોટો હતો. ૧૯૪૦ માં અવતાર ગ્રહણ કર્યા પછી સ્વામી સફેદ રંગની કફની વાપરતા હતા, તે છેક ૧૯૪૬ સુધી. ૧૯૪૬ ના નવરાત્રી ઉત્સવ માટે જ્યારે કુપ્પમ્ કુટુંબ પુટ્ટપતિ આવ્યું, ત્યારે સૌ. રાધમ્મા પોતે સ્વામીને માટે રંગીન રેશમી કફ્ફીઓ સીવીને લાવ્યા હતા. સ્વામીએ તેનો પ્રેમથી સ્વીકાર કરીને, તે વિવિધ રંગની કફનીઓ નવરાત્રીના ઉત્સવમાં વાપરી હતી. ત્યાર પછી તે ભગવા રંગની કફ્ફી વાપરવા લાગ્યા.

પહેલાંના સમયમાં સ્વામીની આસપાસ ભેગા થનારાં ભક્તોની સંખ્યા ઓછી હતી. તેમને ઉદ્દેશીને સ્વામી કહેતા-' આજે તમને મારો આટલો સહવાસ મળે છે. મારી પાસે સહજતાથી આવવા મળે છે, પરંતુ એક દિવસ એવો આવશે કે, તમે મને ખૂબ દૂરથી કેવળ મારી કફનીના રંગ પરથી ઓળખી શકશો. આવો જ ઉલ્લેખ તેમણે શ્રી. શેષમરાજુ (વડીલ બંધુ) પાસે મે ૧૯૪૭ માં લખેલા તે સુપ્રસિદ્ધ પત્રમાં કર્યો.

જૂના સમયની આ વિશેની એક હકીકત ભક્તોને આજે પણ બોધ આપે છે.

એક ભક્ત કહેવડાવી લેનારી સ્ત્રીના મનમાં આવ્યું કે આપણે સ્વામી માટે ભગવા રંગની કફની સીવી લાવવી. કેવળ તેની ઇચ્છા પૂરી કરવા માટે સ્વામીએ તેને કફની સિવિલ લાવવાની પરવાનગી આપી. પરવાનગી મળતા જ તેણે તરત કાપડ લાવીને કફની સિવડાવી લીધી અને સ્વામીને અર્પણ કરી, પરંતુ ત્યાં સુધીમાં તેમની મનોવૃત્તિ માં ફરક પડ્યો હતો. આનંદની જગ્યા અહંકારે લીધી હતી.

'સ્વામીએ મારી કફની માંગી અને હવે તે કફની વાપરશે.' આ અહંકાર તેના મનમાં ઘર કરવા લાગ્યો. આ જ ભમમાં તે પુટ્ટપતિમમાંના અનેક ઘરોમાં જઈને આ ખબર ફેલાવા લાગી. આ ખબર આપી ને જ્યારે તે મંદિર તરફ પાછી આવી, ત્યારે તેને એક દશ્ય જોવા મળ્યું. તે એ કે- તેણે આપેલી કફનીની ધજા (પતાકા) સર્વત્ર લગાવવામાં આવી હતી. જ્યારે તેણે આ અહંકારયુક્ત ખબર ફેલાવાનું શરૂ કર્યું, ત્યારે અહીંયાં મંદિરમાં સ્વામીએ એક કાતર મંગાવી અને તે કફનીની સુંદર ધજા કાપીને બહાર લગાવવાની આજ્ઞા આપી, આ જોતા જ તે સ્ત્રીની આંખો ઉઘડી. કેવળ આપણી મનોકામના પૂરી કરવા માટે સ્વામીએ કફની માંગી હતી. એ વાત તેને બરાબર સમજાઈ. પોતે કરેલી ભૂલ ધ્યાનમાં આવી અને તેણે સ્વામીના ચરણ પકડ્યા.

આવી જ એક મજાની વાત છે, ઈશ્વરમ્માના સંદર્ભમાં. એકવાર જ્યારે સ્વામી મુંબઈ ધર્મક્ષેત્રમાં આવ્યા હતા અને ત્યાંથી તે પંઢરપુર જવાના હતા, તે વખતે તેમની સાથે ઈશ્વરમ્મા અને અન્ય થોડા ભક્તો હતાં ત્યારે સ્વામીએ ઈશ્વરમ્માને પૂછ્યું-" તમે બધા મુંબઈ શહેર જોઈને આવતા કેમ નથી? " ત્યારે ખોટો ગુસ્સો કરીને ઈશ્વરમ્મા બોલ્યા-" તેને માટે પૈસા જોઈએ ને? અને તે તમે આપશો, તો જ અમે જઈશું ને? " આ સાંભળતા જ સ્વામીએ બન્ને હાથો વડે પોતાની ભગવી કફની, જે બાજુએ ઝબ્બાને ખિસ્સા હોય છે, તે બાજુથી ખેંચીને બતાવી અને બોલ્યા-" જો, આને ખિસ્સા છે? તો પછી હું તને પૈસા ક્યાંથી આપું? " " માતા-પુત્ર ' નો આ સંવાદ સાંભળનારા બધા હાસ્યમાં ડૂબી ગયા.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||